# ક્રૂસના માર્ગની ભક્તિ

**"આ પ્રભુની વાણી છે."**

www.prabhuvani.org

ક્રુસને ઈસુ ભેટયો રે, પાપી લોકોને તારવા.
દુઃખતણા ડુંગરાઓ આખાએ જગ સાટે,
આખાએ જગ સાટે, ખેડિયા છે હેતે રે,
પાપી લોકોને તારવા.

## *તૈયારીની પ્રાર્થના*

પ્રાણપ્રિય જગતારક, તજાયેલ ઈસુ, તુજ હેતથી આકર્ષાઈ મારા અપરાધોને ક્રૂસ ઊંચકી હું, પાપી, અંકલપુર કાલવારી દોડી આવ્યો છું. અસંખ્ય પાતકોથી લદાયેલો હું ક્ષમા યાચવા તથા તારા પ્રેમરૂપી જવાળામાં સળગી ઊઠવા અત્રે ખડો થયો છું. આ પાવન તીર્થધામે જીરેની સીમોનની જેમ તારો ક્રૂસ ઊંચકું; મેં જ ખરાબ કરેલ તારો ચહેરો માયાળુ વેરોનિકા સાથે લૂછું; તુજ ભોંયે પડેલને ઉઠાડું, તારા વીંધેલા હાથપગમાંથી ખીલાઓ ખેંચી કાઢું, મૃત્યુ વખતે તારી આંખો ઠીક કરું; છેવટે તારું પવિત્ર શબ ક્રૂસ પરથી ઉતારી તારી જોડે જ મારાં પાપોને દાટું, એ જ અત્રે આવવાનો મારો મુખ્ય આશય છે.

દુઃખિત એટલા વહાલા, રક્તબલિ ઈસુખ્રિસ્ત, તેં મહાભારી ક્રૂસ ઊંચકતાં, તે પર ખીલાથી જડાતાં અને પ્રાણ છોડતાં જે ઉદ્વેગ અનુભવ્યો, તે સંભારું છું. સકળ માનવીઓના અપરાધો પોતીકા કરી લઈ જાણે તું આખે આખો પાપરૂપ બન્યો અને તેની શિક્ષા તને લાગી. તું પાપીઓનો નિર્દોષ અવેજી; તું અપરાધીઓનું સાટું; તું માનવજાતને ખંડી લેનાર દેવ-માનવી. હું તારા પાયે પડીને મારાં સર્વ ઘોર કુકર્મો કબૂલ કરું છું અને તેમને માટે હૃદયથી દિલગીર થાઉં છું. મને ક્ષમા બક્ષી સદાચરણનો પ્રસાદ આપ. આમીન.

**નિરપરાધી ઇસુએ અન્યાયો સાંખીને
અન્યાયો સાંખીને, મૃત્યુદંડ લીધો રે,
પાપી લોકોને તારવા.**



## પહેલું સ્થાન
## રોમન હાકેમ પિલાતુસ ઈસુ પર મરણદંડ ઠરાવે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.
જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.


પ્રાર્થીએ: હે ઈસુ, તું સાવ નિર્દોષ છે, એવું માલૂમ હોવા છતાં, એવું કેટલીય વાર જાહેર કર્યા છતાં, હાકેમ પિલાતુસે તને વધ આજ્ઞા આપી. ખોટી શરમને ખાતર તેણે નિરપરાધીને જલ્લાદોના હાથમાં સોપ્યો. આવો અન્યાયી ભયંકર ફેંસલો સાંભળતાં તું એક પણ હરફ ઉચાર્યા સિવાય ગુપચુપ રહ્યો; ઊલટું હ્રદયમાં હરખાયો.

માણસો કે સગાંઓને સારું લગાડવા અમે પ્રભુને તજી ન દઈએ, વળી કોઈ અમારો અન્યાય કરે તો તે સહીને હ્રદયમાંથી મનુષ્યોની ધાસ્તી દૂર રાખીએ, એવો પ્રસાદ અમને બક્ષ. આમીન.

હે અમારા બાપ..........., પ્રણામ મારીયા.......... સ્તુતિ..........

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.
જ- આમીન.

વજનદાર ક્રૂસને રે ચાલ્યો તું ઊંચકી,
ચાલ્યો તું ઊંચકી, ખુશીથકી ખાંધે રે,
પાપી લોકોને તારવા.



# *બીજું સ્થાન*
# *ઈસુ ભારે ક્રુસ પોતીકા ખભા ઉપર મૂકે છે*

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.
જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ જયારે તેં પુનિત ક્રૂસ, અમારા ઉદ્ધારનું હથિયાર તારા પોતાના હાથે લઈ ખાંધે ચઢાવ્યો. ત્યારે તેં શું શું માણ્યું હશે! અને કેવડા હર્ષથી તું તેને આલીંગ્યો હશે!

કષ્ટ, શ્રમ, વિપત્તિ, સતાવણી વગેરે જે જે ઉપાધિઓ રિપુના દ્વેષથી અમો પર આવી પડે છે, તે ક્રૂસસમી ગણી ખુશીથી ખમીએ અને આનંદી વદને તારી પછવાડે ચાલીએ, એવો પ્રસાદ અમને આપ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.
જ- આમીન.

ક્રૂસતણા ભારથી રે નિર્બળ તું થઈને,
નિર્બળ તું થઈને પહેલી વાર પડ્યો રે,
પાપી લોકોને તારવા.



# ત્રીજું સ્થાન

## ઈસુ પહેલીવાર ક્રૂસના બોજાથી ભોંય પર પડી જાય છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએ: હે મરાએલા ઈસુ, કોરડાના ક્રુર મારથી અને કંટલ મુગટની પીડાથી તારું રક્ત કેટલું બધું વહી ગયું હતું! જેના પરિણામે તું અબળ થઈ ક્રુસના અતિશય વજનથી ભોંય ઉપર ઢળી પડ્યો.

ખરેખર ક્રૂસે નહિ, પરંતુ અમારાં પાપોના ભારે બોજાએ તને પાડી નાખ્યો. તારા રુધિર તથા પુણ્યોથી અમારાં અંતઃકરણોમાં પાપનો ખરો પશ્વાતાપ ઉપજાવ, જેથી અમે અમારા જીવનના બોજારૂપી તારી મીઠી ઝુંસરી ખુશીથી ઊંચકીએ. આમીન

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા..............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

માના મેળાપ વખતે હ્રદયમાં પુત્રનાં
હ્રદયમાં પુત્રનાં, દુઃખથી વીંધાયાં રે,
પાપી લોકોને તારવા.



## ચોથું સ્થાન

## ઈસુ પોતાની પીડીત જનેતાને મળે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારે સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરૂં કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ, તારી વહાલી જનેતાને ભેટો તને વાટે જ થઈ ગયો, પરંતુ તે નવીન આઘાતનું ઝરણું બન્યો. તેને દુઃખમાં ડુબેલી નિહાળી, તેનો સુંદર ચહેરો ઊતરેલો જોતા તારું હૈયું નૂતન જખમે વીંધાઈ ગયું. તેણે તારી જગ્યાએ અથવા તારી જોડે મરી જવાની આકાંક્ષા સેવી.

તારો અને તારી વહાલી જનેતાનો સંતાપ વ્યર્થ ન જાય, પણ તેનો લાભ ઉઠાવી અમો તારી સંગતમાં સ્વર્ગમાં વસીએ, એવો પ્રસાદ અમને બક્ષ. આમીન

હે અમારા બાપ………, પ્રણામ મારીયા……………, સ્તુતિ……………

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

ક્રૂસને ઉઠાવવામાં જીરેનના સીમોને,
જીરેનના સીમોને સા’યતા આપી છે રે,
પાપી લોકોને તારવા.



## પાંચમું સ્થાન

## જીરેની સીમોન ઈસુનો ક્રુસ વેઠે ઊંચકે છે

ક- ઓ ખ્રિસ્ત, અમે તારે સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએઃ જીરેન પ્રદેશનો વતની સીમોન, જે પોતાની દ્રાક્ષવાડીમાંથી આવતો હતો, તે ભાગ્યશાળી આદમીને સિપાહીઓએ હુકમ આપ્યો કે, ‘તુ, ક્રૂસ ઊંચકવામાં ઈસુને મદદ આપ.’ હું અભડાઈશ અને ફજેત થઈશ’ એવા ડરે, પ્રથમ તેણે ના પાડી; પરંતુ, ઓ મારા ઈશ્વરી ઈસુ, તારી અથાગ ધીરજને લીધે તેનો હ્રદયપલટો થયો અને તે રાજી ખુશીથી વેઠે લાગી ગયો. તેં તેનું આખા કુટુંબ સહિત તારણ કર્યું.

અમે પણ જીરેનીઓ બની તારાં પગલાંઓમાં તારી પાછળ નિજ દુઃખોના વધસ્થંભ ઊંચકીને ઠેઠ લગી ધીરજથી ચાલીએ, એવા પ્રસાદ આપ. આમીન.

હે અમારા બાપ………, પ્રણામ મારીયા…………., સ્તુતિ…………..

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

વેરોનિકા નામની પ્રીતિવાન બાઈએ,
પ્રીતિવાન બાઈએ, લૂછિયો પસીનો રે,
પાપી લોકોને તારવા.



## છઠ્ઠું સ્થાન

## વેરોનિકા રૂમાલથી ઈસુનું મોં લૂછે છે.

ક - ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ, ધૂળ, રક્ત, ગળફા અને પસીનાથી તારું પૂજય મોં સમૂળગું બગડી ગયું હતું. તે જોતાં કરુણાથી ભરાઈને વેરોનિકા નામની એક ધર્મિષ્ઠ અને હેતાળ બાઈ તે લૂછવાની હામે રૂમાલ લઈ તારી સામે આવી. તેં એના રૂમાલમાં તારો પૂજ્ય ચહેરો ખુશીથી છાપી દીધો. નાનીશી બરદાસ કેવડું ઈનામ પ્રાપ્ત કરે છે!

અમે પારકા ઉપર દયા લાવી તેની તથા તારી સેવા બજાવીએ, અને એમ કરવાથી અમારા મનરૂપી રૂમાલમાં તારી પ્રતિમા પડે, એવો પ્રસાદ આપ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

પાપતણો બોજો અતિ વધ્યાને કારણે,
વધ્યાને કારણે, બીજી વાર પડયો રે,
પાપી લોકોને તારવા.



સાતમું સ્થાન

ઈસુ ક્રૂસના અણતોલ ભારથી ફરી ભોંય પર પટકાય છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.
જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએ: હે ઈસુ, થાક, નિરાશા અને મહાવ્યથાથી અબળ થઈ તું બીજી વાર ક્રૂસના બોજાથી ભોંયે પટકાઈ પડયો. અમારાં પાપના અણતોલ બોજાએ જ તને પાડી નાખ્યો. વિશેષ તો જેઓ પાપ માફ થયા પછી ફરીથી પાપ કરે છે, તેઓ જ તને ફરી ફરી ભોંયે પટકે છે.

ઓ ઈસુ, અમારા સર્વ અપરાધોની ક્ષમા દઈ, અમને હવે પછીથી કોઈ પાપમાં પડવા ન દે. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.
જ- આમીન.

યેરૂસાલેમ કેરી રોતી નારીઓને,
રોતી નારીઓને, દિલાસો દીધો છે રે,
પાપી લોકોને તારવા.



## આઠમું સ્થાન

## ઈસુ યેરૂશાલેમની રડતી નારીઓને સંબોધે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ, તારા પરની કરુણાભરી ઊર્મિઓથી યેરૂશાલેમની કેટલીક દયાળુ સ્ત્રીઓ અશ્રુઓ સારીને તારા તરફ તાકી. તથાપિ તેમના રૂદનનું ખરું કારણ તો પાપ અને તેની શિક્ષા રુપે ઉદ્દભવતાં સકંટો છે. તેથી તેં તારી પીડા વિસારે પાડતાં સદરહુ બહેનોને સૂચન કર્યું કે, “મારે વાસ્તે ન રડો, પણ પોતાને માટે, તેમ જ પોતાનાં સંતાનો માટે રડો.”

અમે પોતા પર તેમજ અમારાં બાળબચ્ચાં અને સગાં પર દયા કરી, પ્રીતિનો તારો નવો હુકમ પાળીએ, એવો પ્રસાદ અમને આપ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા..............., સ્તુતિ...............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

**પહોંચતા પે’લાંરે પડયો ત્રીજી વારે,**
**પડયો ત્રીજી વારે, કાલવારી પા’ડે રે,**
**પાપી લોકોને તારવા.**



## નવમું સ્થાન

## ઈસુ ત્રીજી વાર ભોંયે પટકાઈ પડે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ, કાલવારીએ પહોંચતાં, મહાભારી ક્રૂસે તને ત્રીજી વાર ભૂમિ પર પટકયો. આફત સમયે અમે અધીરાઈ, નિરાશા, કે તોછડાઈથી જે પાપો કરીએ છીએ, તે પાપો માટે જ તું પટકાઈ પડ્યો. અલબત “ક્રૂસમાં ઉદ્ધાર, ક્રૂસમાં જીવન, ક્રૂસમાં સ્વર્ગીય માધુર્ય છે.”

અમે પોતીકા વધસ્તંભ ઊંચકીને ચાલીએ અને વિપત્તિ રૂપી ક્રૂસના ભારથી પડી ગયા હોઈએ, તો ઊઠવાનો અને તારી કેડે કેડે ચાલવાનો પ્રસાદ અમને આપ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............


ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

ઇસુતણાં વસ્ત્રોને કાઢયાં બળજોરથી,
કાઢયાં બળજોરથી, લાજ તેણે વેઠી રે,
પાપી લોકોને તારવા.



## દશમું સ્થાન

## ઈસુનાં લૂગડાં બળજબરીથી ઉતારવામાં આવે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએ: હે ઈસુ, તારી પુનિત અને કોમળ કાયા કોરડાના જખમોથી ભરેલી હતી. રુધિર ઝરતા તાજા ઘા પર તને કપડાં પહેરાવ્યાં, તેથી તે ઘામાં ચોંટી ગયાં. સિપાહીઓથી નિર્દયપણે તારા અંગ પર ચોંટેલા લૂગડાં ઉતારવામાં આવ્યાં. પરિણામે તને ખૂબ અસહ્ય પીડા થઈ. અમારાં નિર્લજ્જ તથા અંગપાતકો વાસ્તે તેં એવડું અને એટલું બધું દુઃખ સહન કર્યું.

અમે સંયમ, સવિનય અને તપશ્ચર્યાથી પોતા પર કાબૂ મેળવી તેવાં પાપો ફરીથી ન કરીએ, એવો પ્રસાદ અમને આપ. આમીન.

હે અમારા બાપ........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

કોમળ હાથે ને પગે ખીલા રે ઠોકિયા
ખીલા રે ઠોકિયા, ક્રૂસ ઉપર જડાયો રે,
પાપી લોકોને તારવા.



## અગિયારમું સ્થાન

## ખીલા મારીને ઈસુને વધસ્તંભે જડે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરું કર્યું.

પ્રાર્થીએ: હે ઈસુ, તારા કોમળ હાથ અને પગમાં આરપાર ખીલા ઠોક્યા. તેથી તારા સારાયે શરીરે અસહ્ય કંપારો અનુભવ્યો અને અનહદ વેદના વેઠી; છતાં તારા મુખેથી સહેજેય બૂમ કે નિસાસો ન નીકળ્યો. તત્કાળ તુજ રૂધિરની સેરો ઉડી અને ધારાઓ વહી. તારા રક્તનું નાનામાં નાનું કેવળ એક ટીપું અખિલ માનવજાતના ઉદ્ધાર માટે બસ હોત, તો પણ તેં તારું, સઘળું લોહી માણસોને સારું, રેલંછેલ વહેવડાવ્યું.

તારા એ અમૂલ્ય લોહીમાં અમારા આત્મા અમારા પાપના ગંદવાડથી ધોઈ અમને અમારા ક્રૂસે જડેલા રાખ. આમીન.

હે અમારા બાપ........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

**દુઃખો કરપીણ દઈ ક્રૂસ ઉપર જડેલો,**

**ક્રૂસ ઉપર જડેલો, ઇસુ મરણ પામ્યો રે,**

**પાપી લોકોને તારવા.**



## બારમું સ્થાન

## વધસ્તંભે જડેલ જગતારક મૃત્યુ પામે

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરૂં કર્યું.

પ્રાર્થીએઃ હે રક્તબલિ દુઃખભંજન ઈસુ, તું ક્રૂસ ઉપર જડેલા, આકાશ અને ભૂમિ વચ્ચે અદ્ધર ટીંગાઈ રહ્યો, તેં એવી સ્થિતિમાં એક આખો પ્રહર માનસિક તેમ જ શારીરિક વ્યથા સહી. તારા પ્રત્યેની લોકોની ધૃણા અને તારી તીવ્ર પીડાનું શાબ્દિક વર્ણન સાચે જ અશકય છે! અંતે તું શીશ નમાવી મોટે ઘાંટે બોલ્યોઃ **" હે બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું."** અને એમ બોલતાં પ્રાણ છોડીને અમારો ઉદ્ધાર પૂરો કર્યો. મૃત્યુ બાદ તારું માયાળુ હ્રદય પણ ભાલાથી વીંધાયું.

તારા એ માયાળુ હ્રદયમાં અમને આશરો મળે અને તારું રૂધિર અમારા માટે વ્યર્થ ન જાય, એવી અમે વિનંતિ કરીએ છીએ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

ઇસુતણી લાશનેરે, ઉતારી ક્રૂસેથી,
ઉતારી ક્રૂસેથી, મૂકી માને ખોળે રે,
પાપી લોકોને તારવા.



## તેરમું સ્થાન

## ઈસુની પૂજ્ય લાશ ક્રૂસ ઉપરથી ઉતારે છે

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.

જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરૂં કર્યું.

પ્રાર્થીએઃ હે મહાન વિજેતા ઈસુ, તાર સંતાપનો અંત આવી ગયો અને તારણકાર્ય પણ સમાપ્ત થયું. હવેથી તારો વૈભવ આરંભાયો. તારા ગુપ્ત શિષ્યો, યોસેફ અને નીકોદેમુસ નામે પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તારું શબ પૂજ્ય ભાવે વધસ્થંભેથી ઉતારી તેમાં સુગંધી ચીજો ભરી.

તારી ઈચ્છા વગર અમે અમારાં દુઃખ કે સંતાપ રૂપી ક્રૂસ પરથી નહિ ઊતરીએ, પણ તારા પરના પ્રેમથી એ આમારા ક્રૂસને વળગી રહીશું. તારે માટે જો અમે પીડા ભોગવીએ, તો તું અમને સદાકાળ વિશ્રામ બક્ષીશ, એવી અપેક્ષા સેવીએ છીએ. આમીન.

હે અમારા બાપ........., પ્રણામ મારીયા.............., સ્તુતિ..............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,

ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.

જ- આમીન.

પૂજનીય લાશને રે, વૈભવ ને માનથી,
વૈભવ ને માનથી, દાટી છે કબરમાં રે,
પાપી લોકોને તારવા.



# ચૌદમું સ્થાન
# ઈસુની લાશ કબરમાં દફનાવે છે.

ક- ઓ ખ્રિસ્ત, અમે તારી સેવા અને સ્તુતિ કરીએ છીએ.
જ - કેમકે તારા ક્રૂસથી તેં જગતનું તારણ પૂરૂં કર્યું.

પ્રાર્થીએઃ હે ઈસુ, ગૌરવશાળી ઘોરમાં તું દટાયો, તેમાં તેં વ્યથા સહી દેહની કુરબાની આપ્યા બાદ વિસામો લીધો. તો પણ જેમ તારા જીવનકાળમાં તું પોતીકા ઘર સિવાય પારકા ઘરમાં રહ્યો, તેમ દફન માટે પણ પારકી કબર તને મળી. સ્વર્ગીય દૂતોએ તારું ભજન કરતાં તારી લાશની ચોકી કરી, પરતું ત્રીજે દિવસે તારીચળકતી કાયા પુનઃ ઊઠી.

અમારેય છેલ્લે દહાડે આશીર્વાદિત ઊઠવું છે. અમારા શબ ન્યાય કાળે સ્વરૂપવાન અને ચળકતાં ઊઠે, તેમ જ અમે તારી સાથે સ્વર્ગમાં યુગોયુગ રહીએ, તે માટે અમારાં સઘળાં પાપ તારા રક્તમાં ધોઈ અમને શુદ્ધ બનાવ. ઈસુ કેવળ તારો પ્રેમ અને પ્રસાદ અમને આપ અને અમે બીજા કશાની તૃષ્ણા નહિ રાખીએ. આમીન.

હે અમારા બાપ.........., પ્રણામ મારીયા..............., સ્તુતિ...............

ક- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
જ- ઓ પ્રભુ, અમારા પર દયા કર,
ક- મૂએલા શ્રદ્ધાળુઓના આત્માઓ પરમેશ્વરની દયાથી શાંતિમાં રહો.
જ- આમીન.

મોત પરે વિજય પામી ઊઠયો ત્રીજે દિને,
ઊઠયો ત્રીજે દિને, પછી ચઢયો સ્વર્ગે રે,
પાપી લોકોને તારવા.

## *ક્રુસના માર્ગ ફર્યા પછીની પ્રાર્થના*

હે પ્રભુ, જેઓને વાસ્તે અમારો સ્વામી ઇસુ ખ્રિસ્ત પાપીઓના હાથમાં પોતાને સોંપવા, ક્રુસની અસહ્ય અપરંપાર વ્યથાઓ સહેવા, પોતાના રૂધિરનું છેલ્લામાં છેલ્લું ટીપું વહેવડાવવા અને દેહની કુરબાની આપવા ચૂકયો નહિ, તેઓ પર રહેમી નજર કર, જે તારી અને પવિત્રાત્માની સાથે યુગોયુગ જીવે છે તથા રાજય કરે છે. આમીન.

## મહાશ્રી પોપના હેતુઓ માટે :

હે અમારા બાપ………., પ્રણામ મારીયા……………, સ્તુતિ……………